# “ દઆએમુલ ઈસ્લામ ”
## કિતાબની એહમીય્યત

ફાતેમી ઈસ્માઈલી ઈમામોમાંથી જે ઈમામના ઝમાનામાં ફીકહે ઈસ્માઈલીને મુમતાઝ મકામ હાસિલ થયો અને ફાતેમી સલ્તનતનું રાઈજશુદા ફીકહની અહેમીય્યત મુન્સીફો (ઈન્સાફ કરનાર) અને કાઝીઓમાં હાસિલ થઈ તે ઈમામ મોઈઝ (અ.સ.) છે. આપના બાવાજી સાહેબ ઈમામ મન્સુર બિલ્લાહ (અ.સ.) ના ઝમાનામાં ઈસ્માઈલી ફીકહની બુનિયાદ નંખાઈ ચૂકેલી હતી અને આના અલમબરદાર બે દોઆતે બલાગ હતા, એક સૈયદના જાઅફર ઈબ્ને મન્સુરીલ યમન (ક.રૂ.) અને બીજા સૈયદના કાઝી નોઅમાન બિન મોહમ્મદ (ક.રૂ.). સૈયદના જાઅફર ઈબ્ને મન્સુરીલ યમને (ક.રૂ.) ઈસ્લામના સાત દઆઈમ “વલાયત, નમાઝ, રોઝા, ઝકાત, પાકી, હજ્જ અને જેહાદ” ની ખાસ તૌર પર બાતેની માઅના તેહરીર ફરમાવી અને “કેતાબુલ રેઝાઅ ફિલ બાતીન” તસ્નીફ ફરમાવો. સૈયદના કાઝી નોમાન સાહબને ચાર ફાતેમી ઈસ્માઈલી ઈમામોનો ઝમાનો નસીબ થયો અને આપનો દરજો ઈમામ મોઈઝ (અ.સ.) ના ઝમાનમાં ઘણો આઅલા થયો. આપ કાઝીઅલ કોઝાત યાની કે ચીફ જસ્ટીસના માનવંતા રૂત્બા પર ફાઈઝ થયા. યમનના દાઈ મૌલાના ઈદરીસ ઈમાદુદ્દીન (આ.કુ.) **“દઆએમુલ ઈસ્લામ”** કિતાબની તાલીફો તસ્નીફનો એ સબબ બતાવે છે કે મૌલાના ઈમામ મોઈઝ (અ.સ.) ની હઝરતે ઈમામીય્યાહમાં દાઈ નોઅમાન ને સાથે ચંદ બીજા દાઈઓની જમાઅત હાઝિર થઈ, એ સઘલાઓએ તે તમામ વાતો અને બીદઅતોની બહેસ કીધી કે જે શરએ મોહંમદીમાં નવી નવી પૈદા થઈ રહી હતી. નતીજાના રૂએ ઘણી જમાઅતોએ પોતાના મસ્લકો બનાવીને મનગમતા આલીમોને પોતાના હિદાયતનુમા બનાવી કુર્આનની મનફાવતી તફસીરો કીધી. હલાલ-હરામમાં તબદીલો તેહરીફ કીધી અને હવાનફસી (મનમાની) ને તાબેદાર થઈ પોતાના વિચારો અને અનુમાનો પર ઈત્તેફાક કરનારા લોકોના વાડાઓ બનાવી લીધા. આ વાત પર ઈમામ મોઈઝ (અ.સ.) એ રસુલુલ્લાહ (સ.અ.વ.વ.)નો આ કૌલ યાદ ફરમાવો કે, *“જે વક્ત મારી ઉમ્મતમાં બીદઅત ઝાહિર થાય, તો આલીમ તેના ઈલ્મને ઝાહિર કરે. અગર તે ઈમ નહીં કરે તો તે પર ખુદાની લાનત છે.”* તે બાદ ઈમામ મોઈઝ (અ.સ.)એ સૈયદના નોઅમાન તરફ નઝર ફરમાવી ઈશારો કીધો કે અય નોઅમાન આ ફરમાન બાબત તમે જ મકસૂદ છો, તે બાદ “દઆએમુલ ઈસ્લામ” કિતાબની તાઅલીફ કરવાનો (બનાવ્વાનો) હુકમ કીધો. રસુલુલ્લાહ (સ.અ.વ.વ.) અને આપના એહલેબૈત (અ.સ.) થી જે જે સહી રિવાયતો વારિદ થઈ છે તે બતાવી, એ કિતાબના અસ્લો ઉસુલ બતાવા, એના બયાનના ડાલાઓની તશરીહ ફરમાવી અને તે રિવાયતો પણ બતાવી કે જેમાં રિવાયત કરનારે ગલત-સલત વાતોને આમેઝ કરી હકીકતને મિટાવી, ઈકઠ્ઠી કીધી છે.

સૈયદના કાઝી નોઅમાન (ક.રૂ.) સાહબે આ ઈમામી ફરમાન અને હિદાયતને મુતાબિક “દઆએમુલ ઈસ્લામ” ની તાલીફ કીધી. આપ એક એક મઝમુન (ટોપીક) ને અલગ-અલગ બાબ (પાર્ટ) અને ફસલ (ચેપ્ટર) માં તકસીમ કરતા અને ઈમામને અરઝ કરતા, તો સહી રિવાયતોને આપ (અ.સ.) સાબિત કરતા અને ગલત રિવાયતોને આપ કાઢી નાખતા તો આ તરહથી એક મુખ્તસર પણ મુજમિલ (જામેઅ, તમામ અરકાને ઈસ્લામ અને ઈમાનને સમાવી લેનાર) કિતાબ તૈયાર થઈ અને ઈસ્માઈલી ફીકહની એક સહી તફસીલવાર અને મુસ્તનદ કિતાબ પૂરી થઈ. *આ ઈમામી મોઅજીઝો છે, કે જે મોઅજીઝાને અલ્લાહતઆલાએ ઈમામના દાઈ અને ફરમાંરવાં સૈયદના નોઅમાનના હાથ પર ઝાહિર કીધો, જેના સબબ રસુલુલ્લાહ (સ.અ.વ.વ.) ની શરીઅત વાઝેહ થઈ, ઈસ્લામના અરકાન બલંદ થયા.* રસુલુલ્લાહ (સ.અ.વ.વ.) ની સુન્નત પર ચાલવાની તાકીદ થઈ અને એહલેબૈત (અ.સ.) ના તરીકા પર ઈબાદતનો સરંજામ થયો અને દીન બીદઅતોથી પાકીઝા થઈ ગયું. જેથી રસુલુલ્લાહ (સ.અ.વ.વ.) નો આ કૌલ સચ્ચો થયો કે, ***“હરએક બીદઅત ગુમરાહી છે અને હરએક ગુમરાહીનું ઠીકાનું જહન્નમમાં છે.”*** હકના લોકોને વાસ્તે આ કિતાબ શરીઅતના આઅમાલ સહી તૌર પર કરીને નજાતનો રસ્તો ઉસ્તવાર કરે છે. આ કિતાબની બાઝ રિવાયતો, તફસીર અને સમઝની મોહતાજ છે અને બાઝ બયાનાત હકના ધણીની હિદાયત અને દરસને બગૈર સમજવા દુશ્વાર છે. આ કિતાબ તસ્નીફ થયા બાદ ફાતેમી દાઅવતના ઘણા દોઆતો અને ઓલમાઓએ એના બયાનોને પોતાની ઝબાનમાં ઢાલેલા છે અને ઝમાનો મકાનના મુજબ અર્થઘટન કીધેલું છે. સૈયદના એહમદ હમીદુદ્દીન કીરમાની (ક.રૂ.), સૈયદી અમીનજી બિન જલાલ અને મૌલાઈ શર્મ્ઉને (ક.અ.) સલીસ અને આસાન ઝબાનમાં સવાલ જવાબના પૈરાયામાં આ કિતાબનો ખુલાસો આપેલો છે. હાલમાં જ દાઅવતે હાદીય્યા તરફથી શાએ થયેલ કિતાબ **“ મખ્ઝનુલ મસાઈલ”** માં ઈસ્લામના સાત રૂકુનના મસાઈલ રકમ થયેલ છે. મુમેનીન આ કિતાબનો મુતાલેઓ કરી શરીઅતને લગતી ઝરૂરી અને બુનિયાદી માઅલુમાત હાસિલ કરી પોતાના આઅમાલની હકીકતથી બાખબર થાય. અલ્લાહતઆલા શરીઅતના અલમબરદાર દાઈએ હક સૈયદના સાહબની રાહબરીમાં શરીઅતના અરકાનની અદાયગી કરાવે. ★